**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**ગુરુવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ)
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષપદે
બપોરના ૧–૦૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન વગાડી કરવામાં આવી)

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી મહેશ કસવાલાએ સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવમાં નિયમોના ભંગ અંગે**

રાજ્યપાલશ્રીના પ્રવચન અંગેના આભાર પ્રસ્તાવમાં સુધારા પ્રસ્તાવ આપવો જોઇએ અને ૩ દિવસની ચર્ચા આપવી જોઇએ તે અંગેના નિયમોનો ભંગ થવા અંગેનો કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીઆએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સભ્યશ્રી રમણભાઇ વોરાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાના વિરોધમાં તેમનું મંતવ્ય રજૂ કર્યું.

તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ અત્યારે જે પ્રક્રિયા ચાલે છે તે પરંપરા અને નિયમો પ્રમાણે છે અને આજની પ્રક્રિયામાં વિરોધ પક્ષના સભ્યોએ આપેલ સુધારાઓ લઇ લેવામાં આવશે તેમ જણાવી હવે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવ્યું.

૪. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરી તથા ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી દાઉદભાઇ મિયાભાઇ પટેલ, સ્વ.શ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજા અને સ્વ.શ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા, સભ્યશ્રીઓ શ્રી ફતેસિંહ ચૌહાણ, શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી અર્જુનભાઇ મોઢવાડીઆ અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૫. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવું સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૬ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૬. **કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

૭. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૮. **સરકારી વિધેયક**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

૯. **અધ્યક્ષશ્રીનું સૂચન**

વિધેયકના સમર્થનમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી પોતાનું મંતવ્ય રજૂ કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાતના ભાવિ યુવાનો માટેના વિધેયકમાં સભ્યશ્રીઓને રાજકીય આક્ષેપો તથા પ્રતિ આક્ષેપો કર્યા સિવાય વિધેયકમાં સુધારાઓ સૂચવવા જણાવ્યું.

૧૦. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિધેયકના સમર્થનમાં પોતાનું અધુરું રહેલ મંતવ્ય પૂર્ણ કર્યુ.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા ( કોંગ્રેસ પક્ષના નેતા ) ( પ્રવચન અધુરું)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી અમિત ચાવડાએ અધુરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી રમણલાલ વોરા
(૩)ડો. મહેન્દ્ર પાડલિયા
(૪) શ્રી ચૈતર વસાવા
(૫) શ્રી અર્જુનભાઇ મોઢવાડીઆ
(૬) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી (પ્રવચન અધુરું)

૧૧. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી વિધેયક પર પ્રવચન કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે મંત્રીશ્રીનો જવાબ અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડો. સી.જે. ચાવડાએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની જાહેરાત કરી. (સાંજના ૪–૫૧)

૧૨. **સરકારી વિધેયક( ક્રમશઃ)**

શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ અધુરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી અમિત ઠાકર
(૮)શ્રી શૈલેષ પરમાર
(૯) શ્રી નરેશભાઇ પટેલ
(૧૦) શ્રી ઉમેશ મકવાણા
(૧૧) શ્રી જિગ્નેશ મેવાણી
(૧૨) શ્રી ગણપતસિંહ વસાવા

૧૩. **અધ્યક્ષશ્રીની સૂચના**

**પત્રકાર, મીડિયાના મિત્રોને રદ કરેલા શબ્દોને પ્રસિદ્ધિ નહિ આપવા બાબત**

વિધાનસભાના નિયમો પ્રમાણે રેકર્ડ ઉપરથી દૂર કરેલા, પરત ખેંચેલા શબ્દોનો પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયામાં કોઇ જગ્યાએ ઉલ્લેખ ન કરવા માટે પત્રકાર મિત્રોને માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી કરી.

૧૪. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

(૧૩) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૪) શ્રી સી.કે. રાઉલજી
(૧૫) શ્રી જયદ્રથસિંહ પરમાર
(૧૬) કિરીટભાઇ પટેલ
(૧૭) ડો.સી.જે.ચાવડા
(૧૮) શ્રી મહેશ કસવાલા
(૧૯) ગેનીબેન ઠાકોર
(૨૦) શ્રી પી.સી. બરંડા

૧૫. **અધ્યક્ષશ્રીની સૂચના**

**મંત્રીશ્રીના જવાબ વખતે સભ્યશ્રીઓને હાજર રહેવા અંગે**

જે માનનીય સભ્યશ્રીઓએ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લીધો છે અને અહીંયા વિધેયક ઉપરના મંત્રીશ્રીના જવાબ વખતે ઉપસ્થિત નથી તે અંગેનો રેકર્ડ જોઇ તેમને હાજર રહેવા વિધિવત રીતે ટેલિફોનિક સૂચના આપવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સચિવશ્રીને જણાવ્યું.

૧૬. **સરકારી વિધેયક( ક્રમશઃ)**

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, ૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, ૩ વિધેયકનો ભાગ બની.

કલમ ૪ ઉપરનો સુધારો

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ–૪ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ–૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ, કલમ–૫ થી ૨૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૫ થી ૨૨ વિધેયકનો ભાગ બની.

અનુસૂચિ ઉપરનો સુધારો

માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીઆએ અનુસૂચિ ઉપરનો સુધારો રજૂ કરી તેના ઉપર તેઓનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ માનનીય ગૃહ મંત્રીશ્રીએ સુધારા અન્વયે પોતાનું વક્તવ્ય આપ્યું.

ત્યારબાદ માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ અનુસૂચિ ઉપરનો પોતાનો સુધારો સભાગૃહની અનુમતિથી પરત ખેંચી લીધો.

ત્યારબાદ અનુસૂચિ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

અનુસૂચિ વિધેયકનો ભાગ બની.

કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મુકવામાં આવી.

કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલ વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે રાત્રિના ૯–૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય, ડી.એમ.પટેલ
ગાંધીનગર. સચિવ,
તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ગુજરાત વિધાનસભા.